વૃદ્ધાશ્રમ : અનુકૂળતા કે મજબૂરી?

અનુભવ અને જિજ્ઞાસાની મિત્રતા એટલે 'પથદર્શક મિત્ર'!

સંબંધોના તાણાવાણા
ગીતા શ્રોફ

સમાજ બદલાય છે, સમય બદલાય છે અને તેની સાથે સંબંધોનાં સ્વરૂપ પણ બદલાય છે. આજે વૃદ્ધાશ્રમોની વધતી સંખ્યા એક મહત્ત્વનો સામાજિક પ્રશ્ન બની ગયો છે. ઘણાં પૂછે છે કે- 'આ શાપ છે કે સમયની જરૂરિયાત?' જવાબ એકતરફી નથી કારણ કે બંને દૃષ્ટિકોણ સાચા છે.

જ્યારે સંબંધ ભાવનાત્મક રીતે તૂટી જાય છે કે સંબંધોમાં અંતર વધી જાય છે કે સંબંધોની વચ્ચે એકલતા લાગવા માંડે છે અને ઘરના વડીલોને વૃદ્ધાશ્રમમાં મૂકી અવાય છે, તે સમયે વૃદ્ધાશ્રમ શાપ સમાન છે.

જૂના સમયમાં સંયુક્ત કુટુંબમાં બધાં જ સચવાઈ જતાં હતાં પરંતુ હવે તેવું રહ્યું નથી. ન્યુકિલયર કુટુંબ, નોકરી માટે સ્થળાંતર, જિંદગીની વ્યસ્તતા - આ બધું વડીલોની સંભાળને મુશ્કેલ બનાવે છે. વૃદ્ધોની સારવાર, દવાની વ્યવસ્થા, 24 x 7 સહાય આ બધું ઘરે કરવું હંમેશાં શક્ય નથી બનતું ત્યારે વૃદ્ધાશ્રમ તેમને વ્યવસ્થિત સંભાળ અને સલામતી આપે છે, વળી ત્યાં તેમને તેમના જેવા જ મિત્રો મળે છે - હાસ્ય ગીત, રમતો, જૂની યાદો બધું તેમને જીવંત રાખે છે. આધુનિક સમયની દોડધામમાં સંતાનની મનોદશા પણ ટકરાતી હોય છે - 'મમ્મી-પપ્પાને બધું સારું મળવું જોઈએ, તેમની સગવડો સચવાવી જોઈએ'- આ નિર્ણયો લેવા પાછળ આવા વિચારો પણ કારણ બને છે. આમ જોવા જઈએ તો વૃદ્ધાશ્રમો- ક્યારેક સમયની જરૂરત હોય છે એટલે વૃદ્ધાશ્રમ 'શાપ' ત્યારે બને છે જ્યારે વડીલોને ત્યાગી દેવામાં આવે પરંતુ 'જરૂરત' ત્યારે બને છે જ્યારે વડીલોને યોગ્ય સારવાર, સંભાળ, સંગાથ અને સુરક્ષા મળે છે. માનવતા એ છે કે-વડીલ જ્યાં પણ રહે, તેમની લાગણી-સન્માન અને સંબંધોની હૂંફ ઓછી ન પડવી જોઈએ. આજે વૃદ્ધાશ્રમના આવા થોડાક કેસીસને સમજવા પ્રયત્ન કરીશું.

કેસ - 1

સન્મુખલાલ અને અવંતિકાબેનને ત્રણ દીકરીઓ, એક દીકરો-દીકરાનું અકાળ અવસાન થતાં બન્ને પતિપત્ની એકલાં જ રહેતાં. સમયની સાથે વૃદ્ધાવસ્થામાં શારીરિક સમસ્યાઓ પડવા લાગી, જેથી બંનેએ વૃદ્ધાશ્રમનો સહારો લીધો. ત્રણેય દીકરી વાર-તહેવારે અવારનવાર તેઓને પોતાના ઘરે રહેવા લઈ જતી. બંને જણા વૃદ્ધાશ્રમમાં પણ ખૂબ ખુશ રહેતાં અને દીકરીઓનાં ઘરેથી પરત ફર્યા પછી તો અતિશય ખુશાલીમાં રહેતાં. બસ! તેઓ મક્કમ હતાં કે તેમણે દીકરીઓના ઘરે કાયમ માટે નથી રહેવું, તેથી ફરતાં રહે છે.

કેસ 2

ચંપકલાલ અને લલીતાબેન નિઃસંતાન હતાં. ચંપકલાલે જીવન દરમ્યાન કરેલી કમાણીમાંથી સમાજમાં ખૂબ દાનધર્મ કર્યો હતો. વૃદ્ધાવસ્થામાં ચંપકલાલને પાર્કીન્સન જેવો રોગ થઈ ગયો. જે ધીમે ધીમે ખૂબ વધવા લાગ્યો. લલીતાબેન તેમનું સારી રીતે ધ્યાન રાખી ન શકતાં હોવાથી અપરાધભાવમાં જઈ ડીપ્રેશનમાં સરી ગયાં. ડૉક્ટરની તાત્કાલિક સહાય તથા નર્સની દરકાર મળી શકે એ હેતુથી તેઓ હોસ્પિટલના કેમ્પસમાં વૃદ્ધો માટે બનેલ વિશ્રામગૃહમાં સ્થાયી થઈ ગયાં. જ્યાં સેપરેટ રૂમ, ઓવન, ફ્રીઝ, ટી.વી., એરકંડીશનર જેવી તમામ અદ્યતન સુવિધા સાથે બીજા સમાન વયના મિત્રો સાથે મોર્નીંગ વોક, યોગા, ઇન્ડોર ગેમ રમવાનો આનંદ લેવા લાગ્યાં. પોતાના ઘર તથા ઓફિસ વેચીને તેના વ્યાજમાં આનંદથી હોસ્પિટલની દેખરેખમાં ખુશહાલ જીવન જીવી રહ્યાં છે. બંનેને સંતોષ છે કે બેમાંથી એક જણ નહીં રહેશે તો પણ બીજાનું ધ્યાન અહીં બરાબર રખાશે. આમ આધુનિક વૃદ્ધગૃહમાં નિશ્ચિંત થઈ ઘડપણ વીતાવી રહ્યાં છે.

કેસ 3

જ્યોતિલતાબેનને તેમનો દીકરો જૂઠું બોલીને વૃદ્ધાશ્રમમાં મૂકી ગયો હતો. થોડા દિવસમાં લઈ જઈશ એવું જણાવી પાંચ વર્ષમાં એકેય વાર ફરકયો પણ નહીં. શરૂઆતમાં જ્યોતિલતાબેન માટે આઘાત જીરવવો અઘરો હતો પરંતુ જ્યારે જાણ થઈ કે દીકરો તો ઘર વેચીને કેનેડામાં સ્થાયી થઈ ગયો છે ત્યારે તેમણે દીકરાના નામનું નાહી નાંખ્યું. રસોઈના શોખીન હોવાથી પોતાનું મન રસોઈ તરફ વાળ્યું. વૃદ્ધાશ્રમમાં રોજ એક વાનગી તેઓ બનાવતાં અને ખાનારા તેમના વખાણ કરતા રહેતા જેથી જ્યોતિલતાબેનને પણ ચાનક આવતી. હવે તેઓ સંપૂર્ણપણે વૃદ્ધાશ્રમના થઈ ગયાં છે. દીકરાનું નામ યાદ પણ નથી કરતા.

કેસ 4

અલ્ઝાઈમરના પેશન્ટ એવા છોટુકાકાને કોઈ રેલવે સ્ટેશન પરથી વૃદ્ધાશ્રમમાં પહોંચાડી ગયેલ. ચાર વર્ષનાં વહાણાં વાયા પણ છોટુકાકાના ઘરેથી કોઈ વાવડ નથી કે કોઈ તેમને શોધતું આવ્યું નથી. એમના માથા પર છત છે અને તેઓ અનાથ નહીં મરે એટલું સાંત્વન છે.

કેસ - 5

75 વર્ષના પ્રભાબેનની વાત ખૂબ અલગ છે. તેમના પતિએ બીજા લગ્ન કર્યા અને પ્રભાબેનને દર મહિને ખર્ચ પેટે રૂપિયા આપી વૃદ્ધાશ્રમમાં મોકલી આપ્યાં. પ્રભાબેનની દીકરી સ્વયં અમેરિકામાં H1 વીઝા માટે ઝઝૂમી રહી છે, તે માતાને ક્યાંથી સાચવે...?

પરંતુ સુરત શહેરમાં અ.નિ.સ.(અપમૃત્યુ નિવારણ સહાય) સંસ્થા અને સુરત શહેર પોલીસ દ્વારા આવા 12 જેટલા વૃદ્ધાશ્રમોને દત્તક લઈ તેમને પથદર્શક મિત્ર બનાવી શહેરના યુવાઓ વોલીંટીયર તરીકે જોડાઈને ખૂબ જ અર્થસભર અને આનંદદાયક અનુભવ લઈ રહ્યા છે.

- પ્રથમ તેઓ વડીલોની મુલાકાત લઈ સંબંધ બનાવે છે. વડીલો સાથે સન્માનભર્યું અભિવાદન કરી, તેમને બા-દાદા-દાદીના સંબોધનથી બોલાવી તેમને ખૂબ શાંતિથી સાંભળી, તેમના અનુભવ પર ડાયરી લખે છે.
- નિયમિત સમય આપે છે. નિયમિત જવાથી તેઓને યુવાઓમાં વિશ્વાસ અને અપેક્ષા જન્મે છે.
- તેઓ સાથે પ્રવૃત્તિઓમાં જોડાય છે. ભજન, આરતી, પ્રાર્થના, કરાઓકે, બોર્ડ ગેમ્સ, કેરમ, પતંગ ઉડાડવા, હોળી રમવી, દિવાળીની રંગોળી અને ફટાકડા, ચિત્રકામ, વાર્તાલેખન, કવિતા, લોકગીતની સાથે સાથે ડિજિટલ મદદ-ફોટા, વીડિયોકોલ કે મેસજ જોતા શીખવે છે.
- લાગણીભર્યો સાથ, સહવાસ આપે છે. જન્મદિવસ, તહેવાર, ખાસ દિવસે નાનકડી ગિફ્ટ આપી ઉજવણી કરવી. મંદિર, ડુમ્મસ, હોટલ અને જાત્રા કરવા સુદ્ધાં લઈ જાય છે. ક્યારેક ઘરેલું ભોજન લઈ જવું, ક્યારેક ઘરે લઈ જવા. 'તમે એકલા નથી' એવી મિત્રતા અને સ્નેહભરેલી લાગણી આપે છે.
- વ્યવહારુ મદદ કરે છે. ડૉક્ટર મુલાકાતે જવા સાથ આપી, નાની ખરીદી કે દવાઓ લાવવી.
- સંગઠન સાથે સંકલન કરે છે. વૃદ્ધાશ્રમ સંચાલકો સાથે વાત કરી નીતિ મુજબ કાર્યક્રમો કરે છે. શાળા-કોલેજના વાર્ષિક ઉત્સવોમાં દાદા-દાદીઓને આમંત્રણ અપાવી લઈ જવા અને અનેરો આનંદ અપાવવાનું કાર્ય પથદર્શક મિત્રો જૂથમાં રહી કરે છે.

આનાં પરિણામો ખૂબ સરસ જોવા મળ્યાં:

- વડીલોની મનોદશામાં સુધારો આવ્યો. એકલતા, નિરર્થકતાની ગ્લાનિમાંથી મુક્ત થવા લાગ્યા. પોતાના અસ્તિત્વને સાચવવા માટે વડીલોને સંગાથ, સન્માન અને વાત કરવાની તક મળવા લાગી. સાથે જ યુવાપેઢીને વૃદ્ધોની મિત્રતા થકી આનંદ જ નહીં પણ બે પેઢીને જોડતી કડી મળવા લાગી. પોતાના ઘરના વડીલોને સમજવાની તક મળી, જેથી ઘરના વડીલોને આદરસન્માન-સમય-પ્રેમપૂર્વક આપવા લાગ્યા.
- વૃદ્ધો પાસે અનુભવ અને યુવાઓ પાસે જિજ્ઞાસાની અરસપરસ વહેંચણી થવા લાગી.
- વડીલોની બાળપણની કથાઓ, યુવાવયના સંઘર્ષ, જૂના સમયમાં જીવવાની રીતથી યુવાઓ મૂલ્યો, શીખ, ભૂલો વિશે સમજવા લાગ્યા.
- બે પેઢીઓ વચ્ચે મજેદાર મિત્રતા ઊભી થવા લાગી અને યુવાઓને જીવનના સાચા પાઠ શીખવા મળ્યા.
- વડીલોને 'ઉપયોગી' લાગવા દેવાથી તેઓને લાગવા માંડયું કે તેઓનું જ્ઞાન ઉપયોગી છે. યુવાઓ જ્યારે પૂછે છે કે 'દાદી, આ ચટણી કેવી રીતે બનાવાય?' 'દાદા, આ મુશ્કેલીમાં તમે શું કરતે?' ત્યારે તેઓને નવું આત્મસન્માન મળતું હોય એવો અનુભવ થાય છે. વૃદ્ધ વડીલો કહેવા લાગ્યા, 'અમે એકલા નથી. અમે જરૂરી છીએ.'

આ યુવાઓને જોઈને એટલો તો વિશ્વાસ થાય છે કે, હવે તેઓ પોતાના પરિવારના વડીલોને સંપૂર્ણ સન્માન, પ્રેમ-હૂંફ અને સમય આપશે જે થકી બીજાને પ્રેરણા મળશે. થોડોક સમાજનો દૃષ્ટિકોણ પણ બદલાશે, વૃદ્ધાશ્રમને ત્યાગસ્થળ નહીં- તબીબી કેર સેન્ટર તરીકે જોવાશે.

- વૃદ્ધાશ્રમોની વૃદ્ધિ સમાજના બદલાતા માળખાનું પ્રતિબિંબ છે પરંતુ વડીલો માટે પ્રેમ, મિત્રતા અને સન્માન- એ હંમેશાં દરેક પેઢીની જવાબદારી છે. યુવાનો જ્યારે વડીલોને પથદર્શક મિત્ર બનાવે છે ત્યારે બે પેઢીઓ એકબીજાને પૂર્ણ કરે છે, એક તરફ અનુભવ અને બીજી તરફ ઊર્જા.
- બન્ને મળીને જીવનને વધુ સુંદર બનાવી શકે છે. તમે પણ પથદર્શક મિત્ર બની શકો છો, સમસ્યા નહીં ઉકેલ બનો અને જોડાઈ જાવ.

Instagram@gita.shroff

યુવાપેઢીને વૃદ્ધોની મિત્રતા થકી આનંદ જ નહીં પણ બે પેઢીને જોડતી કડી મળવા લાગી. પોતાના ઘરના વડીલોને સમજવાની તક મળી, જેથી ઘરના વડીલોને આદરસન્માન-સમય-પ્રેમપૂર્વક આપવા લાગ્યા